ફોજદારી કેસ નંબર 1242-01

આંક-૧(ચાર્જશીટ)નું બિડાણ

આંક-૧(ચાર્જશીટ)નીચે હુકમ

(૧) આંક-........ની પુરસીસ તથા નં.ડીસી/ સીટીઝેડ/ ગ્રામ્ય કોર્ટ/ લોકઅદાલત/ ડોરમેન્ટ કેસ પરત/૨૦૧૯, કલેક્ટર અને જિલ્લા મેજી.ની કચેરી, અમદાવાદનો તારીખ ૧૨.૦૯.૨૦૧૯ ના રોજના પત્ર તથા અમદાવાદ(૩), મીરઝાપુર, અમદાવાદની ડીએલએસએ નો જાવક નં. ૬૦૮/૧૯ તારીખ ૧૩.૯.૧૯ ના રોજનો પત્ર વંચાણે લેતા સદરહુ કેસ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપી/ઓ ના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલ હોય તો તે નાઝરશ્રીએ સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ ૪૪૬ અન્વયે સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે લીધેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ અગાઉ કરવામાં આવેલ હોય તો આ હુકમ થી કાયમ રાખવામાં આવે છે.

(૪) આ કામે જો કોઈ કિમતી મુદ્દામાલ કે જામીનગીરી કે રોકડ રકમ જપ્ત કરવામાં આવેલ હોય કે કબ્જે કરવામાં આવેલ હોય તો, તે તેના અસલ માલીકને ડ્યુ વેરીફીકેશન લઈને પરત કરવો, તેમજ તેનો અસલમાલીક કાયદાકીય સમય મર્યાદામાં મળી ન આવે તો તેને ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ સરકાર ખાતે ખાલસા કરવો/મીંટમાં જામ કરાવવો.

(૫) વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામે જો કોઈ અન્ય નોન-વેલ્યુબેલ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોય તો કાયદાકીય સમયમર્યાદા વિત્યા બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ તેનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં તારીખ ૧૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ નામ.કોર્ટના સહી સિક્કા કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ- ૧૪/૦૯/૨૦૧૯

સ્થળઃ- અમદાવાદ(ગ્રામ્ય)

આઈ/સી

એડી.સિવીલ જજ તથા જે.એમ.એફ.સી.

અમવાદા(ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

**UNI NO GJ** 01111